SPECIAL ISSUE: 04

The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

72

# ગુમ થતી કલાઓ અને બદલાતી ઓળખ : નટ-બજાણિયા જાતિની સાંસ્કૃતિક ગાથા

**Mitul R. Maheriya* / Dr. Hasmukh Panchal #**
Research Scholar* / Assistant Professor #
Gujarat Vidhyapith Ahmedabad, Gujarat * #

**શોધપત્ર સારાંશ:**

નટ–બજાણિયા જાતિ ભારતની પ્રાચીન લોકસંસ્કૃતિનો મહત્તમ ભાગ રહી છે, જે પોતાની વિશિષ્ટ કલાત્મક પરંપરાઓ જેમ કે નૃત્ય, સંગીત, રમતો, કરામતો અને લોકનાટ્ય માટે જાણીતી રહી છે. સમય સાથે સામાજિક-આર્થિક પરિવર્તનો, આધુનિક મનોરંજન માધ્યમોનું પ્રભુત્વ, સ્થળાંતર, અને રોજગારની નવી માંગને કારણે આ પરંપરાગત કલાઓ ધીમે ધીમે અદૃશ્ય થવાની કગારે આવી પહોંચી છે. પરિણામે નટ–બજાણિયા સમુદાયની સાંસ્કૃતિક ઓળખમાં નોંધપાત્ર પરિવર્તનો જોવા મળે છે. આ સંશોધનનો હેતુ ગુમ થતી કલાઓના કારણો, સમુદાયના જીવનમાં આવેલા મૂલ્ય પરિવર્તનો, તેમજ બદલાતી સાંસ્કૃતિક ઓળખ પર તેના પ્રભાવનું વિશ્લેષણ કરવાનો છે. અભ્યાસમાં સેકન્ડરી ડેટા, ઐતિહાસિક સાહિત્ય, નીતિ દસ્તાવેજો તેમજ ઉપલબ્ધ સંશોધનોનો આધાર લઈને નટ–બજાણિયા સંસ્કૃતિનો બહુદિશાત્મક અભીપ્રાય રજૂ કરવામાં આવ્યો છે. સંશોધન દર્શાવે છે કે પરંપરાગત કલા જાળવવા માટે સંસ્થાગત સહાય, સાંસ્કૃતિક સંરક્ષણની નીતિઓ, અને યુવા પેઢીમાં વારસાગતિ અંગેની જાગૃતિ અત્યંત આવશ્યક છે. આ અભ્યાસ માત્ર એક જાતિની સંસ્કૃતિ જ નહીં, પરંતુ આધુનિકતાના દબાણો વચ્ચે ભારતીય લોકપરંપરાઓ કેવી રીતે પોતાની ઓળખ પુનઃરચિત કરે છે, તે સમજવા માટે પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**મુખ્ય શબ્દો :**

નટ–બજાણિયા જાતિ, લોકસંસ્કૃતિ, પરંપરાગત કલાઓ, સાંસ્કૃતિક ઓળખ, આધુનિકતા, સામાજિક પરિવર્તન, સાંસ્કૃતિક સંરક્ષણ, વારસાગતિ

---

## 1. પ્રસ્તાવના :

ભારતની લોકપરંપરાઓ, નૃત્ય-સંગીત અને ભટકતી જીવનશૈલી ધરાવતા સમુદાયોમાં નટ–બજાણિયા જાતિનું વિશેષ મહત્વ છે. પરંપરાગત રીતે આ સમુદાયના લોકો ગામડે ગામડે ફરી જાહેર સ્થળોએ કરામતો, કસરત, લોકનાટ્ય, નૃત્ય, પપેટ શો, ગીત-સંગીત વગેરે પ્રસ્તુત કરતા હતા. મનોરંજનના આધુનિક સાધનો ન હતા, તે સમયમાં નટ–બજાણિયા સમુદાય લોકમનોરંજનનું મુખ્ય સ્ત્રોત હતો. (જોરાવરસિંહ જાદવ; 1991; 33) પરંતુ શહેરીકરણ, ટેકનોલોજી, ડિજિટલ મિડિયા, શિક્ષણ અને રોજગારના વધતા વિકલ્પોએ આ સમુદાયની કલાઓનો લોકપ્રિયતા આધાર નબળો કર્યો છે. યુવા પેઢીએ પરંપરાગત કળાઓ વચ્ચે રોજગારની અસુરક્ષાને કારણે અન્ય કારકિર્દીઓ પસંદ કરવાનું શરૂ કર્યું છે.

પરિણામે આ સમુદાયની સાંસ્કૃતિક ઓળખ, જીવનશૈલી અને પરંપરાઓમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. આ અભ્યાસનો મુખ્ય હેતુ નટ–બજાણિયા જાતિની ગુમ થતી કલાઓ, તેમના સામાજિક-આર્થિક પરિબળો અને બદલાતી ઓળખની પ્રક્રિયાનો સેકન્ડરી સ્રોતોના આધારે વ્યાપક અભ્યાસ કરવાનો છે.

**2. ઉદ્દેશ્ય :**

2.1. નટ–બજાણિયા જાતિની ગુમ થતી કલાઓનો અભ્યાસ.

2.2. નટ–બજાણિયા જાતિનીબદલાતી ઓળખની સમાજ મેળવવી.

**3. સંશોધન પધ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક અને વર્ણનાત્મક સ્વરૂપનો છે. સમગ્ર સંશોધન સેકન્ડરી ડેટા પર આધારિત છે. અહી પ્રસ્તુત કરેલ માહિતી પુસ્તકો, જર્નલ, સરકારી  રિપોર્ટ, NGO ડોક્યુમેન્ટ, નીતિ પત્રો અને ડિજિટલ સ્રોતોમાંથી એકત્રિત કરવામાં આવી.

**4. સાહિત્ય સમીક્ષા :**

લેખક જોરાવરસિંહ જાદવ પોતાના 'પુસ્તક મનોરંજન કરાવનારી લોકજાતિઓ'માં ગુજરાતમાં વસવાટ કરતા એવા સમુદાયો જે આધુનિક સમય તથા વિવિધ પ્રકારની ટેક્નોલોજીના આગમન પહેલા સમગ્ર ભારતમાં પોતાની કલાઓ અને હાથ કારીગરીની કુશળતાને કારણે ગામે ગામ ફરી લોકોને મનોરંજન પૂરું પાડવાનું કાર્ય કરતાં હતા. એવિ કેટલીક જુદી જુદી જાતિઓની વાત આ પુસ્તક્મા કરવામાં આવી છે, જે પોતાની વિવિધ કલાઓનું પ્રદર્શન કરીને અનાજ તથા આર્થિક સહાય મેળવી પોતાની સંસ્કૃતિ અને પરંપરાગત વ્યવસાયને જીવંત રાખવાનો પ્રયાસ તથા મહેનત કરતાં હતા. વર્ષોથી વસવાટ કરતી મદારી જાતિની વાત અહી કરવામાં આવી છે જે સાપ પકડી તેના ખેલ બતાવવાના કાર્યમાં પારંગત છે. વાદી તથા ગારુડી જાતિ જે કેટલીક વિદ્યાઓના જાણકાર હતા. નટ – બજાણિયા જાતિ જે દોરડા ઉપર અંગકસરતના ખેલ બતાવવા તથા હાથ કારીગરીના કાર્યમાં પારંગત છે. આ સાથે ભવાયા જતી જે વિવિધ પ્રકારના વેશ ધારણ કરી ગામે ગામ જઈને ભવાઇ રમવાનું કાર્ય કરતાં હતા. આ બધીજ જાતિઓ પહેલાના સમયમાં લોક મનોરંજન કરાવવા માટે ખૂબ પ્રસિધ્ધિ પામેલ જાતિઓ છે. જેઓ ભારતના સાંસ્કૃતિક વારસાને જાળવી રખવા અને તેનું જતન કરવામાં પોતાનું મહત્વનુ યોગદાન આપ્યું છે. (જોરાવરસિંહ જાદવ; 1991; 33)

પુસ્તક 'સરનામા વગરના માનવી'માં લેખક અરવિંદભાઈ આચાર્ય દ્વારા પ્રાચીન સમયની કલાકાર જાતિઓ વિષેની વાત કરવામાં આવી છે. જેમાં નટ – બજાણિયા જાતિ જે દોરડા ઉપર નાચનાર, મદારી જે સાપના ખેલ રમાડનાર, ભવઈયા જે ગામે ગામ ફરીને ભવાઈ રમવાનું કાર્ય કરે છે. વાંસફોડા લોકો વાંસના લાકડાંમાંથી છાબડી, ટોપલી જેવી વસ્તુઓ બનાવવાનું કાર્ય કરતાં તથા સરાણિયા લોકો ઘરે ઘરે જઈને છરી તથા ધારદાર ઓજારોની ધાર કાઢવાનું કામ કરતાં હતા. આ દરેક પ્રકારના કાર્યો અને કળાઓ હવે નાબૂદ થવાના આરે આવીચઢી છે. (અરવિંદભાઈ આચાર્ય; 2006; 10)

લેખક મિત્તલ પટેલ દ્વારા રચયિત પુસ્તક 'ગુજરાતનાં વિચરતા – વિમુક્ત સમુદાયો'માં નટ – બજાણિયા જાતિની કેટલીક બાબતો આલેખવામાં આવી છે. અહી નટ – બજાણિયા જાતિની વિવિધ કલાઓની વાત કરવામાં આવી છે. જેમ દોર પર ચાલવું તથા નૃત્ય કરવું, આગ સાથેની તેમની રમતો, નજરબંદી તથા હાથ સફાઈની રમતો વગેરે બાબતોની માહિતી આપવામાં આવી છે. પ્રાચીન અને

પરંપરાગત ચાલતી આ કલાઓ આધુનિક સમય તથા ટેક્નોલોજીના આગમનના કારણે જોવાનું કોઈ પસંદ કરતાં નથી, જેને લીધે આ જાતિનો વ્યવસાય પડીભાંગ્યો છે. આર્થિક ઉપાજન માટે વલખાં મારતી આ જાતિના લોકો ખેત મજૂરી, શહેરી વિસ્તારમાં કન્સ્ટ્રક્શન સાઈડો, બુટ્ટી તથા સૃંગાર વેચવું જેવા માધ્યમો થકી આવક પ્રાપ્ત કરી પોતાનું તથા પરિવારનું જીવન ગુજરાન ચલાવવાનો પ્રયાસ કરે છે. (મિત્તલ પટેલ; 2006; 3)

**5. નટ-બજાણિયા જાતિની પરંપરાગત કલાઓનું સ્વરૂપ :**

નટ–બજાણિયા જાતિની પરંપરાગત કલાઓ તેમની ભટકતી જીવનશૈલી, શરીરિક કૌશલ્ય અને મનોરંજક પરંપરાના આધારે વિકસેલી છે. તેમની કલાનું સ્વરૂપ મુખ્યત્વે શારીરિક કુશળતા, સંગીત–નૃત્ય, લોકનાટ્ય, અને પ્રાણી પર નિરર્ભર કૌશલ્ય જેવા તત્વોનું સંયોજન છે. આ કલા માત્ર મળતા મનોરંજનથી વધુ છે, કારણ કે તે તેમના સમાજજીવન, જીવનનિર્વાહ અને સાંસ્કૃતિક ઓળખનું પ્રતિનિધિત્વ કરે છે. તેનું સ્વરૂપ નીચે મુજબ વિશ્લેષિત કરી શકાય:

5.1. શારીરિક કૌશલ્ય આધારિત કલા: નટ–બજાણિયાની કલાઓમાં શરીરિક કુશળતા મુખ્ય કેન્દ્રસ્થાન ધરાવે છે. આ કલાનું સ્વરૂપ પ્રાચીન અકાડિક અભ્યાસ જેવું છે, જેમાં કલાકારો લાંબા સમય સુધી તાલીમ લે છે.

• દોરી–નૃત્ય (Rope Walking / 'દોરા પર ચાલવું') : આ કલા નટ – બજાણિયા સમુદાયની સૌથી જાણીતી કલા. તેમાં ઊંચા તાણેલા દોરડા પર સંતુલન બનાવી રાખીને નૃત્ય તથા કેટલાક પ્રકારના કરતબ કરવામાં આવે છે. આ કલામાં નટ – બજાણિયા જાતિની મહિલાઓ અને યુવતીઓમાં વધુ પ્રચલિત બની છે.

• કસરત : આ કલામાં હૂપ–જમ્પ, સલ્ટો, માનવી પિરામીડ, એક પગે સંતુલન, હવામાં ચક્કર જેવી કૌશલ્યભરી કૃતિઓનો સમાવેશ થાય છે. આ જાતિના બાળકોને બાળપણથી મળતી શારીરિક તાલીમના કારણે આ કલામાં તે ઉત્તમ નિયંત્રણ રાખીશક્તા હોય છે.

• અગ્નિ–કલા (Fire Play) : આ કલામાં અગ્નિ સાથે રમીને પ્રદર્શન કરવામાં આવે છે. અગ્નિનો ગોળો ધુમાવવો અને મોઢામાંથી અગ્નિ છોડવું જેવી કળાઓ આ જાતિના લોકો સરળતાથી કરે છે. આ કલા જોખમભરી પરંતુ ખૂબ પ્રખ્યાત લોક–કલા માનવમાં આવે છે.

5.2. સંગીત અને નૃત્ય આધારિત કલા : નટ–બજાણિયા જાતિનું લોકસંગીત અને નૃત્ય તેમની કલાનો અગત્યનો ભાગ છે.

• પરંપરાગત વાદ્યો: નટ – બજાણિયા જાતિના લોકો વિવિધ પરંપરાગત વાદ્યોનો ઉપયોગ કરે છે. જેમાં ઢોલ, નગારું, શરણાઈ, તુરી, બાજુ વગેરેનો સમાવેશ થાય છે.

• ગીતોનું સ્વરૂપ: આ કલામાં કેટલાક અલગ અલગ દેવી–દેવતાઓના સ્તવર, લોકગાથાઓ, ઋતુગીતો, વિરપુરુષોની કથાઓ જેવા અનેક ગીતોનો જમાવડો કરવામાં આવે છે.

• લોકનૃત્ય: આ જાતિમાં વાદ્યોની તાલ સાથે શારીરિક કૌશલ્યનું નૃત્યમય સંયોજન આ કલાને ખૂબ અદ્દભુત બનાવે છે.

5.3. લોકનાટ્ય અને વાર્તાગાથા : નટ–બજાણિયાની કલામાં નાટ્યાત્મક રજૂઆતનું પણ મહત્વ વધારે જોવા મળે છે. આ કલાનું સ્વરૂપ મનોરંજન સાથે–સાથે લોકોમાં સમાજિક સંદેશ પહોંચાડવાનું સાધન પણ બનતું.

• લોકનાટ્ય: આ કલામાં નાના દૃશ્યો, હાસ્ય–પ્રહસન, સામાજિક પ્રસંગોની મિમીકરી જેવા નાટ્યોની રજૂઆત કરવામાં આવે છે.

• કથા–વાંચન: આમાં લોકકથાઓ, પરંપરાગત પ્રચલિત વાર્તાઓ, પૌરાણિક કથાનો સંક્ષેપ રીતે કથા વાંચન કરવામાં આવે છે.

5.4 પ્રાણી–આધારિત કલા (હવે ઘટતી) : ભૂતકાળમાં નટ–બજાણિયા જાતિના લોકો વાનર–કલા, ભાલુ–કલા, અથવા અન્ય પ્રાણીઓના હાવભાવની રજૂઆત દ્વારા લોકોનું મનોરંજન કરતા હતા. જેમાં મુખ્યત્વે વાનર–કલા પ્રચલિત હતી. હવે પ્રાણી હિતની નીતિઓને કારણે આ કલા અસ્તિત્વ ગુમાવી રહી છે. (જોરાવરસિંહ જાદવ; 1991; 34)

**6. નટ-બજાણિયા જાતિની ગુમ થતી કલાઓના મુખ્ય કારણો :**

ભારતની લોકસંસ્કૃતિમાં નટ–બજાણિયા જાતિનું નામ કલાપ્રેમીઓ માટે નવીન નથી. સતત સ્થળાંતરીત પરંપરાથી આવેલી આ જાતિ ગામના મેળા, મંદિરો, ચૌક તથા ઉત્સવોમાં પોતાની પ્રદર્શનકળાઓ દ્વારા લોકોનું મનોરંજન કરતી આવી છે. સંગીત, નૃત્ય, દોરકુદ, જાદુ, મલ્લખંભ, કઠપૂતળી તથા વિવિધ શારીરિક કૌશલ્યો તેમની ઓળખનો મૂળભૂત ભાગ હતા. પરંતુ છેલ્લા કેટલાંક દાયકાઓમાં સમાજ, અર્થતંત્ર અને સાંસ્કૃતિક માહોલમાં આવેલા પરિવર્તનો કારણે નટ–બજાણિયા જાતિની ઓળખમાં વિશાળ ફેરફાર આવ્યો છે. પૂર્વજોની કલામૂલક ઓળખની જગ્યાએ આજે આ જાતિના સભ્યો નવી જીવનશૈલી, નવા રોજગાર અને નવી સામાજીક સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છે. https://share.google/bzL1Pcq7AUPJMKNa

**7. નટ-બજાણિયા જાતિની બદલાતી ઓળખ :**

છેલ્લા કેટલાંક દાયકાઓમાં સમાજ, અર્થતંત્ર અને સાંસ્કૃતિક માહોલમાં આવેલા પરિવર્તનો કારણે નટ–બજાણિયા જાતિની ઓળખમાં વિશાળ ફેરફાર આવ્યો છે. પૂર્વજોની કલામૂલક ઓળખની જગ્યાએ આજે આ જાતિના સભ્યો નવી જીવનશૈલી, નવા રોજગાર અને નવી સામાજીક સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છે.સતત પરીભ્રમણશીલ જીવનશૈલીમાંથી સ્થિર જીવન તરફનો પરિવર્તન તેમની ઓળખમાં મોટો વળાંક છે. અગાઉ નટ–બજાણિયા પરિવાર વર્ષભર વિવિધ ગામોમાં ફરે, તંબુઓમાં રહે અને મેદાનોમાં પ્રદર્શન કરી જીવન નિર્વાહ કરતો. પરંતુ શિક્ષણ, રોજગાર અને આર્થિક સુરક્ષાની તલાશે તેઓ ધીમે ધીમે સ્થિર વસવાટ તરફ વળ્યા છે. આ સ્થિરતા સાથે તેમના પરંપરાગત કૌશલ્યો તો ઘટ્યા, પરંતુ સમાજમાં તેમની માન્યતા વધવાની શરૂઆત થઈ. સામાજિક કલંક અને માનસિકતામાં પણ ધીમે ધીમે પરિવર્તન આવી રહ્યું છે. એક સમયે નટ–બજાણિયા જાતિને મનોરંજનકાર અથવા નીચા વર્ગ તરીકે જોવામાં આવતી માનસિકતા હવે નરમ પડી રહી છે. શૈક્ષણિક અને કાનૂની જાગૃતિ, સમાજમાં મિશ્રણ, શહેરોમાં રહેણાંક અને સરકારી યોજનાઓના લાભથી તેમની સામાજિક સ્થિતિ સુધરી છે. તેમ છતાં, કેટલાક વિસ્તારોમાં હજુ ભેદભાવની માન્યતાઓ અસ્તિત્વમાં છે, જે તેમના પરિવર્તનને ધીમું કરે છે. (મિત્તલ પટેલ; 2006; 3)

**8. નટ-બજાણિયા જાતિની સંસ્કૃતિ સંરક્ષણની સંભાવનાઓ**

ભારતની લોકસાંસ્કૃતિક વિવિધતામાં નટ–બજાણિયા જાતિનું સ્થાન અનોખું છે. તેમના પરંપરાગત નૃત્ય, સંગીત, કૌશલ્યપ્રદર્શન, કઠપૂતળી, મલ્લખંભ, દોરકુદ, ચાબુકખેલ અને રમતો માત્ર મનોરંજન પુરતી સીમિત નહોતી, પરંતુ ગામજનો માટે સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સંદેશ વહન કરતી જીવંત પરંપરા

હતી. આજના આધુનિક યુગમાં આ કલાઓ અને પરંપરાઓનું અસ્તિત્વ જોખમમાં છે, છતાં સંરક્ષણ માટે અનેક સકારાત્મક અને કાર્યકારી સંભાવનાઓ હાજર છે. જો યોગ્ય દિશામાં પ્રયત્નો કરવામાં આવે, તો નટ–બજાણિયા જાતિની સંસ્કૃતિ ફરીથી જીવંત અને સમૃદ્ધ બની શકે છે. આધુનિક ટેકનોલોજી નટ–બજાણિયા સંસ્કૃતિના સંરક્ષણમાં સૌથી મોટો હથિયાર બની શકે છે. ડિજિટલ પ્લેટફોર્મ કલાઓના દસ્તાવેજીકરણ સાથે સાથે કલાકારોને આવક પણ આપી શકે છે. શાળાઓ અને કોલેજોમાં તેમની કલાઓને પ્રોત્સાહન આપી આ સંસ્કૃતિને જીવંત રાખી શકાય છે. સ્કૂલોમાં "લોકકલા તાલીમ કાર્યક્રમ" શરૂ કરવામાં આવે તો યુવા પેઢી ફરીથી પોતાની પરંપરા સાથે જોડાઈ શકે. પર્યટન ક્ષેત્ર નટ–બજાણિયા સંસ્કૃતિ માટે નવી તકો ખોલી શકે છે. નટ–બજાણિયા સમાજની પરંપરાગત કલાઓમાં સ્ત્રીઓની ભાગીદારી મોટી છે. મહિલાઓનું સશક્તિકરણ સંસ્કૃતિ સંરક્ષણનું સૌથી મજબૂત માધ્યમ બની શકે છે.

**9. સારાંશ:**

નટ–બજાણિયા જાતિ ભારતની પ્રાચીન લોક કલાકાર સમાજોમાંની એક છે, જે પોતાની પરંપરાગત પ્રદર્શનકળાઓ—જેમ કે દોરકુદ, મલ્લખંભ, કઠપૂતળી, નૃત્ય, સંગીત, જાદુ–કલા અને શારીરિક કૌશલ્ય—દ્વારા ગામ–ગામમાં મનોરંજન પૂરું પાડતી આવી છે. તેમની કલાઓ માત્ર મનોરંજન નહિ, પરંતુ લોકજ્ઞાન, સામાજિક સંદેશા અને સંસ્કૃતિક મૂલ્યોનો જીવંત વારસો છે. છેલ્લાં દાયકાઓમાં આધુનિક મનોરંજનના વિકલ્પો, આર્થિક અસુરક્ષા, સ્થળાંતર, શિક્ષણના વિસ્તરણ, સામાજિક કલંક અને સરકારી પ્રોત્સાહનના અભાવે તેમની પરંપરાગત કલાઓ ઝડપી ગુમ થતી જાય છે. યુવા પેઢી પરંપરાગત પ્રદર્શનકળાથી દૂર થઈ નવા વ્યવસાયો, શહેરજીવન અને આધુનિક શિક્ષણ તરફ વળી રહી છે. પરિણામે, નટ–બજાણિયા જાતિની ઓળખ પણ પરિવર્તિત થઈ રહી છે. સતત સ્થળાંતરીર, પરંપરાગત કલાકારની જગ્યાએ હવે સ્થિર વસવાટ અને અન્ય રોજગાર અપનાવનાર સમુદાય તરીકે જાણી શકાય છે.

અત્યારે પણ નટ–બજાણિયા જાતિની સંસ્કૃતિને સંરક્ષિત કરવાની અનેક મહત્વપૂર્ણ સંભાવનાઓ છે. ડિજિટલ ડોક્યુમેન્ટેશન, સરકાર દ્વારા કલાપ્રોત્સાહન યોજનાઓ, પર્યટન સાથે કલાઓને જોડવાનું, શૈક્ષણિક સંશોધન, સ્કૂલ–કોલેજ કાર્યક્રમો, મહિલા સશક્તિકરણ અને સમાજમાં સકારાત્મક માન્યતા આ પ્રયાસો દ્વારા આવી પરંપરાને ફરી જીવંત કરી શકાય છે. નટ–બજાણિયા જાતિની સંસ્કૃતિ એક કિંમતી લોકવારસો છે, જે ઝડપથી અસ્ત થતી હોવા છતાં યોગ્ય આયોજન, નીતિ અને સામાજિક સહકાર દ્વારા સંભાળીને આગામી પેઢીને સોંપી શકાય છે.

**સંદર્ભ સૂચિ:**

1. આચાર્ય, અરવિંદ, (૨૦૦૬), સરનામાં વગરના માનવી, અમદાવાદ: જનપથ
2. જાદવ, જોરાવરસિંહ, (૧૯૯૧), મનોરંજન કરાવનારી લોક્જાતિઓ, અમદાવાદ
3. પટેલ મિત્તલ., ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો, (ડીસેમ્બર 2006), વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM), બી-3 સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક: અમદાવાદ
4. ગુજરાતી વિશ્વકોષ, https://share.google/bzL1Pcq7AUPJMKNa
5. હેતશ્રી કેયુર, ગુજરાતી ચિલ્ડ્રન સ્ટોરી, https://share.google/mbdDrsQrZO8p6VlqZ
6. CMO Gujarat, https://cmogujarat.gov.in